# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 29-12-2024 Evening : 7.50 to 8.00
Day : Sunday National News

## આકાશવાણી સમાચાર **હિના મોદી** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતના બંધારણની પ્રશંસા કરી અને કહ્યું - તે રાષ્ટ્રનું માર્ગદર્શક છે, જે સમયની કસોટી પર ખરૂં ઊતર્યું છે

2) પ્રધાનમંત્રીએ આજે મન કી બાતમાં ભારતમાં મેલેરિયાના કેસો અને મૃત્યુમાં 80 ટકાના ઘટાડા અંગે વિશ્વ આરોગ્ય સંસ્થાના અહેવાલ પર સંતોષ વ્યક્ત કર્યો.

3) દક્ષિણ કોરિયા વિમાન દુર્ઘટનામાં અત્યાર સુધીમાં 179 લોકોના મોત થયા

4) ભારતના પ્રથમ કોમર્શિયલ એરક્રાફ્ટે આજે નવી મુંબઈ આંતરાષ્ટ્રીય વિમાનીમથક પર સફળતાપૂર્વક ઉતરાણ કર્યું

5) ભારતીય હવામાન વિભાગે 2 થી 3 દિવસ દરમિયાન પંજાબ, હરિયાણા અને રાજસ્થાનમાં ગાઢ ધુમ્મસની આગાહી કરી

6) ભારતના ગ્રાન્ડમાસ્ટર કોનેરુ હમ્પીએ ન્યૂયોર્કમાં ચેસ વર્લ્ડ રેપિડ એન્ડ બ્લિટ્ઝ ચેમ્પિયનશિપ જીતી લીધી - પ્રધાનમંત્રીએ અભિનંદન પાઠવ્યા

************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, બંધારણ રાષ્ટ્રનું પથદર્શક છે અને એ અત્યંત સન્માનની વાત છે કે આવતા વર્ષે 26 જાન્યુઆરીએ ભારતીય બંધારણ 75 વર્ષ પૂર્ણ કરી રહ્યું છે.

આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં રાષ્ટ્રને સંબોધન કરતા શ્રી મોદીએ જણાવ્યું કે, બંધારણ સમયની તમામ કસોટીમાંથી પાર ઉતર્યું છે. તેમણે જણાવ્યું કે, આ વર્ષે બંધારણ દિવસે અનેક પ્રવૃત્તિઓ શરૂ થઈ છે જે સમગ્ર વર્ષ દરમિયાન ચાલુ રહેશે.

13 જાન્યુઆરીથી પ્રયાગરાજમાં શરૂ થઈ રહેલા મહાકુંભ અંગે પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, આ વખતે દેશ દુનિયાના ભક્તો ડિજિટલ મહાકુંભના સાક્ષી બનશે. ડિજિટલ નેવિગેશનની મદદથી લોકો વિવિધ ઘાટ, મંદિરો અને સાધુના અખાડા સુધી પહોંચી શકશે. આ જ સિસ્ટમથી પાર્કિંગની જગ્યા સુધી પણ પહોંચી શકાશે.

એનિમેશન મુદ્દે વાત કરતા શ્રી મોદીએ ક્રિશ, ટ્રિશ એન્ડ બાલ્ટીબોય સિરીઝનો ઉલ્લેખ કર્યો હતો, જેની બીજી સીઝન ગોવામાં આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં લોંચ કરવામાં આવી હતી.

પ્રધાનમંત્રીએ ભારતીય ફિલ્મ અને મનોરંજન ઉદ્યોગે ભારતની એકતા ટકાવવામાં ભજવેલી ભૂમિકાની પ્રશંસા કરી હતી.

મન કી બાતની 117મી આવૃત્તિમાં પ્રધાનમંત્રીએ આરોગ્ય ક્ષેત્રે ભારતની બે મોટી સિધ્ધિનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, વિશ્વ આરોગ્ય સંસ્થાનો અહેવાલ જણાવે છે કે, ભારતમાં 2015થી 2023 દરમિયાન મેલેરિયાના કેસોમાં 80 ટકાનો ઘટાડો થયો છે.

**(P.M. Malaria)**

પ્રધાનમંત્રીએ પ્રસિધ્ધ મેડિકલ જર્નલ લાન્સેટનો અભ્યાસ ટાંકતા જણાવ્યું કે, ભારતમાં કેન્સરની સારવાર સમયસર શરૂ કરવાની તકો વધી ગઈ છે. તેમણે જણાવ્યું કે, આયુષ્યમાન ભારત યોજનાને કારણે કેન્સરનાં 90 ટકા દર્દીઓ પોતાની સારવાર સમયસર શરૂ કરી શક્યા છે. આ યોજનાથી કેન્સરની સારવારમાં નડતી આર્થિક સમસ્યા ઘણા અંશે ઓછી થઈ છે.

પ્રધાનમંત્રીએ આ શિયાળાની મોસમમાં દેશભરમાં ચાલી રહેલી રમતમગત અને ફિટનેસ પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, કાશ્મીરમાં સ્કિઇંગથી માંડીને ગુજરાતમાં પતંગોત્સવ માટેનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શ્રી મોદીએ બસ્તર ઓલિમ્પિક્સનો પણ ઉલ્લેખ કર્યો હતો.

**(P.M. Bastar)**

અંતમાં શ્રી મોદીએ દેશવાસીઓને નવા વર્ષની શુભેચ્છા આપતા વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, ભારત આગામી વર્ષમાં નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરશે.

# REV. EVE SOUTH KOREA-PLANE CRASH

દક્ષિણ કોરિયા વિમાન દુર્ઘટનામાં અત્યાર સુધીમાં 179 લોકોના મોત થયા છે. મૃતકોમાં તમામ 175 મુસાફરો અને 4 ક્રૂ મેમ્બરનો સમાવેશ થાય છે. બે ક્રૂ મેમ્બર્સને બચાવી લેવાયા હતા. આ વિમાનમાં 181 મુસાફરો સવારી કરી રહ્યા હતા. દક્ષિણ કોરિયાના કાર્યકારી રાષ્ટ્રપ્રમુખે 4 જાન્યુઆરી સુધી રાષ્ટ્રીય શોકની જાહેરાત કરી છે.

બોઈંગ 737-800 ફ્લાઈટ આજે સવારે મુઆન આંતરરાષ્ટ્રીય વિમાનીમથક પર આવી રહી હતી ત્યારે આ દુર્ઘટના સર્જાઈ હતી. બચાવ કામગીરીમાં ચાલુ છે. દુર્ઘટનાગ્રસ્ત વિમાનથી બંને બ્લેક બોક્સ મળી આવ્યા છે, જેમાં ફ્લાઈટ ડેટા અને વોઈસ રેકોર્ડનો સમાવેશ થાય છે. ફૂટેજ બતાવે છે કે પ્લેન રનવે પરથી ઉતરી ગયું હતું અને આગમાં ગોળામાં ફેરવાતા પહેલા દિવાલ સાથે અથડાયું હતું. કોરિયા એરપોર્ટ્સ કોર્પોરેશને જણાવ્યું હતું કે, મુઆન આંતરરાષ્ટ્રીય વિમાનીમથકની તમામ ફ્લાઇટ્સ રદ કરવામાં આવી છે.

# MUMBAI-AIRPORT--COMMERCIAL-AIRCRAFT

ભારતના પ્રથમ કોમર્શિયલ એરક્રાફ્ટે આજે નવી મુંબઈ આંતરાષ્ટ્રીય હવાઈમથક પર સફળતાપૂર્વક ઉતરાણ કર્યું છે. ઈન્ડિગો એરલાઇન્સના A320 એરક્રાફ્ટે મુંબઈ હવાઈ મથક પરથી ઉડાન ભરી નવી મુંબઈ હવાઇ મથક પર સીધું ઉતરણ કર્યું હતું. સફળ ઉતરાણ બાદ વિમાનને સલામી આપવામાં આવી હતી. આ વિમાનના સર્ટિફિકેશન ટેસ્ટમાં લેન્ડિંગ અને ટેક-ઓફનું ટેકનિકલ મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

પ્રથમ વાણિજ્યક ઉડાનની માન્યતા સંબંધી પરીક્ષણમાં સફળ થવા સાથે આ વિમાનીમથકના કાર્યરત થવાની દીશામાં આ એક મહત્વપૂર્ણ પગલું છે. આ પ્રસંગે નાગરિક ઊડ્ડયનના મહાનિદેશક અને ભારતીય હવાઈમથક સત્તામંડળ-AAI સહિતની એજન્સીઓના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે ગત ઓક્ટોબર મહિનામાં સેનાનું એક વિમાન રનવે પર સફળતાપૂર્વક ઉતર્યું હતું, જ્યારે વાયુસેનાનું સુખોઈ 30 એરક્રાફ્ટ રનવેથી થોડે દૂર ઉડ્યુ હતું.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in**/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

# YOGI-PREZ-INVITE.RTF

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આજે રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરી હતી. તેમણે આવતા મહિને યોજાનાર મહાકુંભ માટે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને આમંત્રણ આપ્યું હતું. મહાકુંભ 13 જાન્યુઆરીથી શરૂ થશે અને 26 ફેબ્રુઆરી સુધી ચાલશે.

# IMD - WEATHER

ભારતીય હવામાન વિભાગ (IMD) એ 2 થી 3 દિવસ દરમિયાન પંજાબ, હરિયાણા અને રાજસ્થાનમાં ગાઢ ધુમ્મસની આગાહી કરી છે.

હિમાચલ પ્રદેશ, ઉત્તરપ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં મોડી રાત્રે અને વહેલી સવારે ગાઢ ધુમ્મસની સ્થિતિ પણ પ્રવર્તે તેવી શક્યતા છે.

હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ દરમિયાન પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને રાજસ્થાનમાં શીતલહેરની આગાહી કરી છે. આગામી પાંચ દિવસ દરમિયાન ઉત્તર પ્રદેશમાં લઘુત્તમ તાપમાનમાં 4 થી 6 ડિગ્રી સેલ્સિયસ અને પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી અને રાજસ્થાનમાં આગામી ત્રણ દિવસ દરમિયાન 3 થી 4 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની સંભાવના છે. IMD એ પશ્ચિમી વિક્ષેપને કારણે આવતા મહિનાની 1 થી 4 સુધી પશ્ચિમ હિમાલય પ્રદેશમાં છૂટાછવાયા વરસાદ અને હિમવર્ષાની પણ આગાહી કરી છે.

# PM CHESS-HUMPY.RTF

ભારતના ગ્રાન્ડમાસ્ટર કોનેરુ હમ્પીએ ન્યૂયોર્કમાં ઈન્ડોનેશિયાની ઈરેન સુકંદરને હરાવીને ચેસ વર્લ્ડ રેપિડ એન્ડ બ્લિટ્ઝ ચેમ્પિયનશિપ જીતી લીધી છે. હમ્પીએ 11મા રાઉન્ડમાં 8.5 પોઈન્ટ મેળવીને ટુર્નામેન્ટ જીતી હતી. કોનેરુ હમ્પી ચીનના ઝુ વેનજુન પછી એકથી વધુ વખત આ ખિતાબ જીતનાર બીજો ખેલાડી બન્યો છે. હમ્પીએ અગાઉ 2019માં જ્યોર્જિયામાં આ સ્પર્ધા જીતી હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કોનેરુ હમ્પીને ચેમ્પિયનશિપ જીતવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ બીજી વર્લ્ડ રેપિડ ચેમ્પિયનશિપ ખિતાબ જીતવામાં નોંધપાત્ર સિદ્ધિ બદલ ચેસ ગ્રાન્ડ માસ્ટરની પ્રશંસા કરી હતી. આ ખિતાબ જીતીને તે એકમાત્ર ભારતીય બની છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે સુશ્રી હમ્પીની ધીરજ અને પ્રતિભા લાખો લોકોને પ્રેરણા આપશે..

# RUSSIA-LAVROV-THREAT-RESPONSE.RTF

રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લવરોવે કહ્યું છે કે જો મિસાઈલ હુમલો કરવામાં આવશે તો અમેરિકા અને નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન નાટોને જવાબી સૈન્ય કાર્યવાહીનો સામનો કરવો પડશે.

શ્રી લવરોવે રાજ્ય સમાચાર એજન્સી આરઆઈએ નોવોસ્ટી સાથેની મુલાકાતમાં કહ્યું કે રશિયા કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા માટે તૈયાર છે. તેમણે કહ્યું કે રશિયા માટે અવરોધો ઉભા કરનારાઓને વિરોધનો સામનો કરવો પડશે. તેમણે કહ્યું કે રશિયા સંઘર્ષને સમાપ્ત કરવામાં રસ ધરાવે છે. તેમણે કહ્યું કે સુરક્ષાના મુખ્ય કારણો પર ધ્યાન આપવું જોઈએ. તેમણે કહ્યું કે નાટોનું પૂર્વ તરફ વિસ્તરણ યુક્રેન સંકટનું મુખ્ય કારણ છે.

# ARVIND KEJRIWAL

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે ભાજપ પર મતદાર યાદીમાંથી નામ હટાવવાનો આરોપ લગાવ્યો છે.

શ્રી કેજરીવાલે આ અંગે ચૂંટણી અધિકારીને ફરિયાદ પત્ર લખ્યો છે. તેમણે કહ્યું કે નવી દિલ્હી વિધાનસભા ક્ષેત્રમાં ભાજપે આશરે પાંચ હજાર મતો કાપીને સાત હજાર પાંચસો મત ઉમેરવા માટે અરજી કરી છે. અરવિંદ કેજરીવાલે રિટર્નિંગ ઓફિસરને પત્ર લખીને મતદાતાઓની અરજીઓમાં અસાધારણ વધારા પર ચિંતા વ્યક્ત કરતા કહ્યું છે કે ભાજપ કોઈપણ રીતે ચૂંટણી જીતવા માંગે છે.

જ્યારે કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ અરવિંદ કેજરીવાલના નિવેદન પર વળતો પ્રહાર કર્યો અને કહ્યું કે આમ આદમી પાર્ટીએ વોટ માટે રોહિંગ્યાઓને દિલ્હીમાં સ્થાયી કર્યા છે, જે ભારતીય લોકશાહી માટે યોગ્ય નથી. શ્રી પુરીએ કહ્યું કે આ લોકોના નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવે તો સારું રહેશે.

# DAY CRICKET - BGT TEST-DAY 4

ક્રિકેટમાં, ઓસ્ટ્રેલિયાના મેલબોર્નમાં રમાઈ રહેલી બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની ચોથી ટેસ્ટના ચોથા દિવસથી રમતના અંતે ભારત સામેની બીજી ઇનિંગમાં ઑસ્ટ્રેલિયાએ નવ વિકેટે 228 રન કર્યા છે.

ઓસ્ટ્રેલિયા આ સાથે ભારત પર 333 રનની સરસાઈ ધરાવે છે. ભારતીય ટીમે આજે સવારે 9 વિકેટે 358 રનના ઓવરનાઈટ સ્કોરથી તેમનો પ્રથમ દાવ ફરી શરૂ કર્યો હતો પરંતુ 369 રનના રન સાથે ટીમ ઓલ આઉટ થઈ ગઈ હતી. પાંચ મેચની શ્રેણીમાં હાલ બંને દેશો 1-1થી બરાબર છે.

# GEORGIA.RTF

જ્યોર્જિયામાં, હજારો લોકો આજે રાજધાની તિબિલિસીમાં રાષ્ટ્રપતિ મિખાઇલ કાવેલાશવિલીના શપથ ગ્રહણ પહેલા વિરોધ કરી રહ્યા છે. 14મી ડિસેમ્બરે મિખાઇલ કાવેલાશવિલીને દેશના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટ્યા હતા.

વર્તમાન પ્રમુખ સાલોમ ઝુરાબિચવિલીએ ચૂંટણીઓને ગેરકાયદે ગણાવીને પદ છોડવાનો ઇનકાર કર્યો છે. ચાર મુખ્ય વિરોધ પક્ષોએ પણ ચૂંટણીને નકારી કાઢી છે અને સંસદનો બહિષ્કાર કર્યો છે. જ્યોર્જિયાની ડ્રીમ પાર્ટી ઓક્ટોબરમાં સંસદીય ચૂંટણી જીતી હતી, પરંતુ ચૂંટણીમાં છેતરપિંડીના આરોપોએ વિરોધને વેગ આપ્યો હતો.

# AUSTRALIA--WILD-FIRE.RTF

ઓસ્ટ્રેલિયન પ્રધાનમંત્રી એન્થોની આલ્બાનીસે મેલબોર્નથી પશ્ચિમમાં લગભગ 230 કિલોમીટર દૂર આવેલા ગ્રેમ્પિયન્સ નેશનલ પાર્કમાં ભીષણ આગથી પ્રભાવિત લોકો માટે કટોકટીની જાહેરાત કરી છે.

શ્રી અલ્બેનીઝે આજે બુશફાયરથી થયેલા નુકસાનનું મૂલ્યાંકન કર્યું. તેમણે કહ્યું કે ફેડરલ અને રાજ્ય સરકાર આ આગથી સીધી અસરગ્રસ્ત કામદારો અને વેપારીઓને આવતીકાલથી આપત્તિ પુનઃપ્રાપ્તિ ચુકવણી કરશે. આ ચૂકવણીઓ 13 અઠવાડિયા સુધી સહાય પૂરી પાડશે.

6 ડિસેમ્બરે વીજળી પડતાં આગ ફાટી નીકળી હતી. ધીરે ધીરે આ આગ 70 હજાર હેક્ટરથી વધુ ખેતરો, રાષ્ટ્રીય ઉદ્યાનો અને ખાનગી મિલકતોમાં ફેલાઈ ગઈ હતી. હજુ સુધી કોઈના ઘાયલ થયાના સમાચાર નથી. પરંતુ મોટી સંખ્યામાં પશુઓ ગુમ થયાના અહેવાલ છે. અધિકારીઓએ ચેતવણી આપી છે કે આગ હજુ કેટલાક અઠવાડિયા સુધી ચાલુ રહી શકે છે.